વાત ગુજરાતની, જાત ગુજરાતી, છે બધી રીતભાત ગુજરાતી;
વીશ્વ આખું ઝુકાવશે મસ્તક, જો લાયકાત ગુજરાતી..

–ભાવેશ ભટ્ટ

# ડૉક્ટરની ડાયરી

–ડૉ. શરદ ઠાકર

'તમારા અમેરીકામાં ડૉ. કીરીટ પટેલ નામના મારા વર્ષો જુના મીત્રને શોધવા હોય તો શું કરવું જોઈએ ?' મેં અચાનક ઉંઘમાંથી જાગીને મારા ભત્રીજા સમીરને પ્રશ્ન કર્યો. સમીર કાર ચલાવી રહ્યો હતો. નાયગ્રા ધોધ જોઈને અમે ન્યુ જર્સી પાછા ફરી રહ્યા હતા. શ્રેષ્ઠ કક્ષાનો કહી શકાય તેવો હાઈ–વે, એકસો ત્રીસ કીલોમીટર્સ પ્રતી કલાકની ઝડપે ભાગી રહેલી કાર અને ક્ષણે પ્રતીક્ષણે પલટાતાં જતાં રમ્ય, અદ્ ભુત લેંડસ્કેપ્સ જોતાં જોતાં ગાઢી નીદ્રામાં સરી પડેલો હું. પછી અચાનક મેં પોપચાં ઉઘાડ્યાં અને સમીરને ઉપરનો પ્રશ્ન પુછી લીધો.

'તમારી પાસે એમનું એડ્રેસ છે ? ફોન નંબર છે ? એ ક્યાં કામ કરે છે, એમનું ક્લીનીક ક્યાં આવેલું છે એ વીશેની કોઈ માહીતી છે તમારી પાસે ?' સમીર સીઆઈડીની જેમ સવાલોની ઝડી વરસાવી રહ્યો. સમીરના સવાલો ભલે સો હતા; પણ મારો જવાબ એક જ હતો 'ના, મને એમના વીશે કશી જ માહીતી નથી. એટલી ખબર છે કે ડૉ. કીરીટ પટેલ ૧૯૭૯–'૮૦ના વર્ષમાં મારી સાથે હતા. અમદાવાદની વી. એસ. હૉસ્પીટલના ગાયનેક વીભાગમાં અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા હતા. તે મારાથી એક વરસ આગળ હતા; પણ અમારું યુનીટ એક જ હતું.

'પછી ?' સમીરે પુછ્યું, 'આ તો અમદાવાદની વાતો થઈ, એના પરથી અમેરીકાનું એડ્રેસ ન મળે.'

'ન કેમ મળે ? આમ તો તમે લોકો વીશ્વની સૌથી સમર્થ પ્રજા હોવાનો દાવો કરો છો, એક ભારતીય ડૉક્ટરની ભાળ નથી મેળવી શકતા ? શેઈમ ઓન અમેરીકા !'

'જસ્ટ એ મીનીટ !' સમીરના કપાળમાં આડી રેખાઓ ઉપસી આવી, 'તમે નામ શું કહ્યું ? એક વાર ફરીથી બોલશો, પ્લીઝ ?'

'ડૉ. કીરીટ પટેલ, હી ઈઝ એ ગાયનેકોલૉજીસ્ટ' મેં દોહરાવ્યું. સમીરના મોંમાંથી અહોભાવ સરી પડ્યો, 'યસ ! હું ઓળખું છું એમને. મેં એમને જોયા નથી; પણ આ નામ સાંભળ્યું છે. ઈન ફેક્ટ, ન્યુ જર્સીમાં એમનું નામ સૌ કોઈએ સાંભળભલું છે. એઝ એ ડૉક્ટર, હી ઈઝ ધ બેસ્ટ ! જો એ તમારાવાળા જ ડૉ. પટેલ હોય તો...' આટલું કહીને ગાડી પુરપાટ વેગે દોડાવતાં અને મારી સાથે વાતો કરતાં કરતાં જ એણે એના ટચુકડા લેપટૉપ પરથી ઈન્ટરનેટ પર ખાંખાંખોળા શરુ કર્યા. ઘરે પત્ની સાથે વાત કરી લીધી, પછી એક નંબર લગાડીને સેલફોન મારા હાથમાં મુકી દીધો, 'રીંગ વાગે છે, સામા છેડેથી અવાજ સંભળાય એટલે...ટ્રાય યોર લક !'

રીંગ વાગતી રહી, હું પ્રતીક્ષાની ઘડીઓ ગણતો રહ્યો. આખરે કોઈનો અવાજ સંભળાયો, ‘હેલ્લો...ઓ...!’

મેં આટલો જ સવાલ પુછ્યો : ‘આઈ વૉન્ટ ટુ સ્પીક ટુ ડૉ. કીરીટ પટેલ.’

‘યસ, યુ આર સ્પીકીંગ ટુ હીમ. હુ ઈઝ કૉલીંગ ?’ સાવ અમેરીકન ઉચ્ચારોમાં સામો છેડો મને મારા વીશે પુછી રહ્યો હતો.

મને તોફાન સુઝ્યું, ભુતકાળનો એક સંદર્ભ યાદ કરીને મેં પુછ્યું, ‘મારે બીજા કોઈ કીરીટ પટેલનું કામ નથી, મારે તો એ ડૉ. કીરીટ પટેલ જોડે વાત કરવી છે જે કલોલ પાસેના મોખાસણ નામના ગામડામાં ખેડુતના ઘરમાં જનમ્યા છે અને ભેંસોની વચ્ચે ઉછર્યા છે, જેનાં લગ્ન વખતે હું પણ મોખાસણની મુલાકાતે જઈ...’

સામેથી અટ્ટહાસ્ય સંભળાયું, ‘ભઈલા, હું એ જ કીરીટ પટેલ બોલું છું. શરદભાઈ, અત્યારે ક્યાં છો; એ તો સ્પષ્ટ થઈ ગયું કે અત્યારે તમે અમેરીકા આવ્યા છો. તમારું લોકેશન જણાવો એટલે હું લેવા માટે આવું.’ બત્રીસ–બત્રીસ વર્ષના અંતરાલ બાદ પણ એક મીત્ર બીજા મીત્રને ઓળખી ગયો હતો. મેં જવાબ આપ્યો કે એ વખતે તો હું હાઈ–વે પર હતો, સાતસો કીલોમીટર્સની મુસાફરી કર્યા બાદ ન્યુ જર્સી પહોંચવાનો હતો, એટલે રાતે મોડું થઈ જવાનું હતું; પણ બીજા દીવસે આપણે અવશ્ય મળીશું. દો સીતારોં કા ઝમીં પર હૈ મીલન કલ કે દીન !

અમે મળીએ ત્યાં સુધીમાં મેં જાણી લીધું હતું કે ડૉ. પટેલ ન્યુ જર્સીની આમ જનતાનાં દીલમાં વસેલા ગાયનેકોલૉજીસ્ટ છે. એ રાતદીવસ એટલા વ્યસ્ત રહે છે કે એમની પાસે ‘અંગત’ કહેવાય તેવાં કામ માટે સમય જ નથી હોતો. ઈન્ટરનેટ પર એમના કામની વેબસાઈટ પર સેંકડો સ્ત્રીઓની કૉમેન્ટ્સ વાંચવા મળી. જે તમામનો સુર કંઈક આવો જ હતો : ‘ડૉ. પટેલ ઈઝ ટુ બીઝી વીથ હીઝ પેશન્ટ્સ. હું પ્રેગ્નન્ટ છું. એમની પાસે ચેક અપ માટે ગઈ હતી. જો કે એપૉઈન્ટમેન્ટ લઈને જ ગઈ હતી. તેમ છતાં મારે ત્રણ કલાક બેસી રહેવું પડ્યું. આવું તે કોઈને પરવડે ? પણ મને પરવડ્યું; કારણ કે જ્યારે મારો વારો આવ્યો ત્યારે જે કાળજીથી, શાન્તીથી અને મેડીકલ સ્કીલથી એમણે મને ‘ટ્રીટ’ કરી, એ જોયા પછી મને લાગ્યું કે મારા ત્રણ કલાક એળે નથી ગયા. એમના માટે મારી પાસે માત્ર એક જ અભીપ્રાય છે : ડૉ. પટેલ ઈઝ ધ બેસ્ટ ઈન ધીસ પાર્ટ ઓફ ધ વર્લ્ડ.’

હું ડૉ. કીરીટભાઈની વ્યસ્તતા સમજી ગયો. બીજા દીવસે સવારે જ્યારે એમનો ફોન આવ્યો, ‘ક્યાં છો ? હું લેવા માટે આવું છું.’ ત્યારે મેં કહી દીધું, ‘તમારે આવવાની જરુર નથી. હું જ આવું છું એડ્રેસ, પ્લીઝ...’

‘હું અડધા કલાકમાં એક સીઝેરીયન ઓપરેશન કરવાનો છું. તમે જે. એફ. કે. હૉસ્પીટલમાં આવી જાવ. ગાર્ડ તમને અંદર પ્રવેશતાં રોકશે. મને ફોન કરી દેજો.’

જે. એફ. કે. હૉસ્પીટલ એટલે જ્હોન એફ. કેનેડી હૉસ્પીટલ. જેટલા પ્રખ્યાત અમેરીકાના આ પ્રેસીડન્ટ હતા, એટલી જ જાણીતી આ હૉસ્પીટલ છે. ન્યુ જર્સી સ્ટેટ માટેની આ સૌથી પ્રખ્યાત, સૌથી સુવીધાયુક્ત મલ્ટી સ્પેશીયાલીટી હૉસ્પીટલ છે. વધુ આશ્ચર્યજનક વાત તો એ છે કે આ એક જનરલ હૉસ્પીટલ છે. આપણા અમદાવાદની વી. એસ. હૉસ્પીટલ કે સીવીલ હૉસ્પીટલના જેવી જનરલ હૉસ્પીટલ.

જ્યારે હું એ હૉસ્પીટલના પ્રાંગણમાં પહોંચીને કારમાંથી બહાર નીકળ્યો, તો એનું મકાન જોઈને જ ડઘાઈ ગયો ! જનરલ હૉસ્પીટલ આવી તે હોઈ શકે ? અમદાવાદની સારામાં સારી કોઈ પણ કૉર્પોરેટ હૉસ્પીટલ જે. એફ. કે.ની આગળ ધર્મશાળા જેવી લાગે ! આપણે ત્યાંની ફાઈવ સ્ટાર હૉટલ કદાચ એની સામે સ્પર્ધામાં નોમીનેશન ભરી શકે, જો કે હાર તો સ્વીકારવી જ પડે. ગ્લાસના ડોર પાસે હટ્ટાકટ્ટા સીક્યુરીટી ગાર્ડ્સ ઉભા હતા. મને જોઈને ધુરક્યા, ‘કોનું કામ છે ?’ મેં કહ્યું, ‘હું ઈન્ડીયાથી આવું છું. મારા મીત્ર અહીં ડૉક્ટર છે. મેં હમણાં જ એમને કૉલ કર્યો છે, એ મને લેવા આવતા જ હશે. ડૉ. કીરીટ પટેલ નામ છે એમનું.’

ગાર્ડ ધુરકવાને બદલે હુંફાળું સ્મીત રેલાવવા માંડ્યા, ‘વેલકમ, સર ! યુ આર એબ્સોલ્યુટલી લકી. ડૉ. પટેલ તમારા મીત્ર છે. હાઉ નાઈસ !’ પછી મને પુછવા માંડ્યા, ‘તમને ખબર છે ? હી ઈઝ ધ બેસ્ટ !’

સાંભળીને મારી છાતી ફુલી રહી હતી. માત્ર એટલા માટે નહી કે અહીંના લોકો જેમની પ્રશંસા કરી રહ્યા હતા, તે ડૉ. પટેલ મારા અંગત મીત્ર છે; પણ મારા ગૌરવનું ખરું કારણ એ હતું કે અમેરીકાની છાતી પર પોતાની કામીયાબીનો ધ્વજ લહેરાવનાર ડૉક્ટર એક ભારતીય છે. અમેરીકામાં વસેલા અને ‘અધધધ...’ સમ્પત્તી કમાઈને બેઠેલા સેંકડો ભારતીય ડૉક્ટરોને હું મળ્યો છું; પણ ધનની સાથે કીર્તી પણ કમાયો હોય તેવો આ પ્રથમ ડૉક્ટર હું જોઈ રહ્યો હતો.

ડૉ. કીરીટભાઈ નીચે આવીને મને અંદર લઈ ગયા. પ્રેમપુર્વક ફેરવીને આખી હૉસ્પીટલ બતાવી. મેં એમને ફોનમાં જ વીનન્તી કરી હતી, ‘મારે તમારી વર્કીંગ કન્ડીશનનો અભ્યાસ કરવો છે. મારે જોવું છે કે તમારી જનરલ હૉસ્પીટલ અમારી જનરલ હૉસ્પીટલ કરતાં ક્યાં અને કેટલી અલગ પડે છે !’

જેમ જેમ હું જે. એફ. કે.ના એક પછી એક ડીપાર્ટમેન્ટ જોતો ગયો તેમ તેમ મને સમજાતું ગયું કે અમેરીકન હેલ્થ સર્વીસ અને ભારતની આરોગ્યસેવા વચ્ચે સરખામણી કરવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. જાણે ગઈ કાલે જ ચણ્યા હોય તેવા માળ, હમણાં જ બનાવ્યું હોય તેવું ફર્નીચર, ક્યાંય કોઈ લીફ્ટ બગડેલી ન મળે, ક્યાંક વીજળીનો બલ્બ ઉડી ગયેલો ન હોય, બારણાનું હેન્ડલ ઢીલું ન હોય, ક્યાંય એકાદુંય સ્ક્રુ ગાયબ ન હોય, ગાદીઓ ગંદી કે ફાટેલી ન હોય ! આખી હૉસ્પીટલના તમામ ફ્લોર્સ પરનો એકેએક ખુણો હું સુંઘી વળ્યો, ક્યાંય સ્પીરીટ, ડેટોલ કે અન્ય દવાની દુર્ગંધ માણવા ન મળી.

સૌથી સુન્દર વ્યવસ્થા લેબર રુમની જોવા મળી. દરદી માટેનું ટેબલ એના પરની પથારી કરતાંય વધારે સુવીધાજનક. સાથે એના પતી કે મમ્મીની રહેવાની પણ સગવડ. ચોખ્ખોચણાક શોવરવાળો બાથરુમ અને સ્વચ્છ ટૉઈલેટ લેબર રુમની સાથે જ અટૅચ્ડ. પ્રસુતી એ પર્વ બની જાય ! બાજુમાં નવજાત શીશુઓ માટેનો વીભાગ. બાળકો માટે તો આ દેશ સ્વર્ગ સમાન છે. જનમ્યા પછી દરેક શીશુ માટે અલગ ફાઈવસ્ટાર જેવી વ્યવસ્થા હું જોઈ શકતો હતો, એક જ વૉર્ડમાં સુતેલાં, હાથપગ ઉછાળતાં ઈન્ડીયન, ચાઈનીઝ, જાપાનીઝ, નીગ્રો અને વાઈટ શીશુઓને. પચરંગી પ્રજા હતી; પણ સુવીધા અને સારવાર એકરંગી હતી.

ડૉ. પટેલ સીઝેરીયન પતાવીને મને લંચ માટે બહાર રેસ્ટોરન્ટમાં લઈ ગયા. પછી એમનો બંગલો બતાવ્યો. એનું વર્ણન હું નહીં કરું. દસ મીલીયન ડૉલર્સના રાજમહેલનું વર્ણન કરવા માટે દસ–બાર વાક્યો ઓછાં પડે. પણ મને જે બે વાતો સ્પર્શી ગઈ તે આ હતી : જે. એફ. કે. જનરલ હૉસ્પીટલના દરેક વીભાગમાં હું ફર્યો, અલગ અલગ દેશમાંથી આવીને કામ કરતા ડૉક્ટરોને મળ્યો. આયાઓ, સીસ્ટર્સ, વૉર્ડબૉયઝથી માંડીને પેરામૅડીકલ સ્ટાફને મળ્યો; દરેકે મારું સ્વાગત હુંફાળું સ્મીત ફરકાવીને કર્યું અને એક પણ અપવાદ વગર દરેક જણે મને આ વાક્ય તો સંભળાવ્યું જ : 'યોર ફ્રેન્ડ, ડૉ. પટેલ ઈઝ ધી બેસ્ટ હીયર !'

અને બીજી વાત કઈ હતી ? પોતાનો વીશાળ બંગલો બતાવતાં બતાવતાં એક જગ્યાએ ડૉ. કીરીટભાઈ અટકી ગયા. એ મંદીર હતું. ઘરમંદીર. ભગવાનની મુર્તીઓ ઉપરાંત ત્યાં એક રેશમી કપડાનો ચોરસ કટકો સંભાળીને મુકેલો હતો. એમાં પરમ પુજ્ય ભગવાન સ્વામી નારાયણનાં પગલાંની છાપ સચવાયેલી હતી. મને અચાનક બત્રીસ વર્ષ પુર્વેની ઘટના યાદ આવી ગઈ.

વી. એસ. હૉસ્પીટલમાં સહેજ નવરાશની પળોમાં કીરીટે મને કહ્યું હતું, 'મારી સાથે આવશો ?' મારે સહજાનંદ સ્વામીની છબી લેવા જવું છે. એ સમયે કીરીટ કશું જ ન હતો. મોખાસણના એક સંસ્કારી પીતાનો પુત્ર માત્ર હતો, જે ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતો હતો. આજે એ બધું જ છે; પણ આ ધન અને કીર્તી હજુ એને બદલી શક્યાં નથી. મેં કૅમેરાની ચાંપ દબાવીને એ ફુટપ્રીન્ટને ક્લીક કરી દીધી. પછી ડૉ. કીરીટની સામે જોયું, 'હવે એક ફોટો તમારો પણ થઈ જાય !'

## ડૉ. શરદ ઠાકર

દૈનીક 'દીવ્ય ભાસ્કર'ની દર બુધવારે પ્રગટ થતી પુર્તી 'કળશ'માં પ્રકાશીત થતી એમની લોકપ્રીય કટાર 'ડૉક્ટરની ડાયરી'માંથી .. આ લેખ તા. 20/02/2013 ની 'કળશ' પુર્તીમાં પ્રકાશીત થયેલો, તે લેખકશ્રીની પરવાનગીથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખક-સમ્પર્ક :

ડૉ. શરદ ઠાકર, 8/1, જલારામ પાર્ક સોસાયટી, પ્રાણશંકર હૉલ પાસે, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ – 380 028 Phone : 079-2543 4901 Mobile : 94 26 34 46 18
eMail : drsharadthaker@yahoo.com Website : http://www.drsharadthakar.com/
Facebook : http://www.facebook.com/DrSharadThakar?fref=ts

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ નવમું - અંક : 273 – June 30, 2013
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@

More than 2,20,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 20,00,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 4,80,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@